| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | ૪૦.૦° સે. | ૨૩.૦° સે. |
| ગાંધીનગર | ૪૦.૦° સે. | ૨૧.૦° સે. |
| ભાવનગર | ૪૧.૦° સે. | ૨૨૩૦° સે. |
| રાજકોટ | ૪૩.૦° સે. | ૨૨.૦° સે. |

# ઉત્તર ગુજરાત-સૌરાષ્ટ્રમિત્ર | ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




## અમરેલીના રાયડીમાં ત્રીજી વખત 4 સિંહ આંટા ફેરા કરી ગયા

**એક** દિવસ પહેલા રાજુલાના કોવાયામાં પણ એક સિંહ રહેણાક વિસ્તારમાં ઘૂસી ગયો હતો



રાજકોટ : અમરેલી જિલ્લામાં સિંહોની વધતી વસ્તીએ ચિંતાજનક સ્થિતિ સર્જી છે. તાજેતરમાં ખાંભા તાલુકાના રાયડી ગામમાં 4 સિંહો શિકારની શોધમાં પ્રવેશ્યા હતા. સીસીટીવી કેમેરામાં કેદ થયેલી ઘટનામાં સિંહો ગામની શેરીઓમાં ફરતા જોવા મળ્યા હતા.


રાયડી ગામમાં આ ત્રીજી વખત સિંહોના પ્રવેશની ઘટના બની છે. સિંહોને જોઈને પશુઓ દૂર ભાગી જતાં તેમને શિકાર મળ્યો ન હતો. સુમસામ બજારોમાં સિંહોએ લટાર મારી હતી. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે.

એક દિવસ પહેલા રાજુલાના કોવાયા ગામમાં પણ એક સિંહ રહેણાંક વિસ્તારમાં ઘૂસી ગયો હતો. રાત્રે બનેલી આ ઘટનામાં સ્થાનિક લોકોએ સિંહને દૂર ખસેડ્યો હતો.

વન વિભાગ આગામી દિવસોમાં સિંહોની વસ્તી ગણતરી કરવાની તૈયારી કરી રહ્યું છે. અમરેલી જિલ્લામાં સૌથી વધુ સિંહોની સંખ્યા નોંધાવાની શક્યતા છે. સિંહોની વધતી સંખ્યાને કારણે તેઓ વારંવાર માનવ વસવાટ વિસ્તારમાં પ્રવેશી રહ્યા છે, જે ચિંતાનો વિષય બન્યો છે.

## ભાવનગરમાં બળાત્કાર કરીને સાધુ બની વિવિધ આશ્રમમાં ફરતો રહેતો આરોપી ઝડપાયો

**15 વર્ષથી** ફરાર આરોપીને દાઠા પોલીસને સોંપી દેવાયો



રાજકોટ : ભાવનગર પેરોલ ફર્લો સ્કવોડે એક લાંબા સમયથી ફરાર બળાત્કારના આરોપીની ધરપકડ કરી છે. આરોપી રાજુ માણસુરભાઇ બોદર છેલ્લા 15 વર્ષથી પોલીસથી બચવા સાધુનો વેશ ધારણ કરીને વિવિધ આશ્રમોમાં રહેતો હતો. પોલીસને મળેલી બાતમીના આધારે આરોપીને ભાવનગર-મહુવા હાઈવે પરથી ઝડપી લેવામાં આવ્યો છે.

પકડાયેલા આરોપીની ઓળખ રાજુ ઉર્ફે ભગવાનદાસ માણસુરભાઇ બોદર (ઉંમર 50) તરીકે થઈ છે. તે મૂળ ભાવનગર જિલ્લાના જેસર તાલુકાના ઈટીયા ગામનો રહેવાસી છે. હાલમાં તે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના ધતુરિયા ગામમાં રહેતો હતો.

આરોપી સામે દાઠા પોલીસ સ્ટેશનમાં 2010માં ઈપીકો કલમ 376 (બળાત્કાર) હેઠળ ગુનો નોંધાયેલો હતો. ત્યારથી તે ફરાર હતો. પોલીસે આરોપીને પકડીને દાઠા પોલીસ સ્ટેશનને સોંપી દીધો છે. આરોપી પકડાયો ત્યારે તેણે સફેદ ધોતી અને ગંજી પહેરેલી હતી.

### ૯મી એપ્રિલ સુધી ગુજરાતમાં હિટ વેવનું ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કરાયું

## 43 ડિગ્રી તાપમાનમાં સુરેન્દ્ર નગર લાવા જેવું થઇ ગયું

**રાજ્યના** 14 જિલ્લાઓમાં તાપમાન 40 ડિગ્રીથી વધારે નોંધાયું

**આજે** પણ માવઠાની આગાહી કરતું હવામાન વિભાગ

ગાંધીનગર : આજે દિવસ દરમ્યાન રાજયમાં પોરબંદર, વેરાવળ, કચ્છ અને આણંદમાં તીવ્ર હિટ વેવની અસર જોવા મળી હતી. જયારે આજે હવામાન વિભાગે હવે માવઠાની ચેતવણી હટાવીને તા.9મી એપ્રિલ સુધી હિટવેવનું ઓરેન્જ અને યલો એલર્ટ જારી કરી દીધુ છે. આજે દિવસ દરમ્યાન સુરેન્દ્રનગરમાં 43 ડિગ્રી ગરમી નોંધાવવા પામી છે. આ સાથે આગામી તા.8મી એપ્રિલ સુધીમાં દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્ર - કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજયુક્ત હવામાનની આગાહી કરાઈ છે.

હવામાન વિભાગ દ્વારા વધુમાં એવી પણ ચેતવણી ઈશ્યુ કરાઇ છે કે આગામી 48 કલાક પછી રાજયમાં હજુયે ગરમીનો પારો 2થી3 ડિગ્રી વધવાની સંભાવના રહેલી છે. રાજયમાં ગરમી 43 ડિગ્રી આસપાસ રહેશે.

આગામી તા.9મી એપ્રિલ સુધીમાં રાજયમાં પોરબંદર, રાજકોટ અને કચ્છમાં હિટવેવનું ઓરેન્જ એલર્ટ જાહેર કરાયુ છે.

**હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યના ગરમ શહેરોની યાદી**

| શહેર | તાપમાન |
|---|---|
| સુરેન્દ્રનગમાં | 43 ડિગ્રી |
| રાજકોટમાં | 42 ડિગ્રી |
| વિદ્યાનગર | 42 ડિગ્રી |
| કંડલા એરપોર્ટ | 42 ડિગ્રી |
| અમદાવાદ | 41 ડિગ્રી |
| કેશોદ | 41 ડિગ્રી |
| ડીસામાં | 41 ડિગ્રી |
| ગાંધીનગર | 41 ડિગ્રી |
| વડોદરા | 41 ડિગ્રી |
| સુરત | 40 ડિગ્રી |
| ભૂજ | 41 ડિગ્રી |
| નલિયામાં | 41 ડિગ્રી |
| ભાવનગર | 40 ડિગ્રી |
| મહુવા | 40 ડિગ્રી |

## ગુજરાત પોલીસમાં ફરજ બજાવતા વધુ ૨૬૧ એએસઆઈને પીએસઆઈ તરીકે બઢતી

**૧૫ મહિનામાં** કુલ ૭૦૩૧ પોલીસ કર્મીઓને બઢતી અપાઈ

**વર્ષ** ૨૦૨૪માં ૬૭૭૦ પોલીસ કર્મચારીઓને બઢતી આપવામાં આવી હતી

ગાંધીનગર : ગુજરાત પોલીસ વિભાગના પોલીસ કર્મચારી-અધિકારીઓને સંવર્ગવાર સમયસર બઢતી મળી રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આજે વધુ ૨૬૧ એએસઆઈને પીએસઆઇ તરીકે બઢતી આપવામાં આવી હતી. છેલ્લા ૧૫ મહિનામાં પી.એસ.આઈથી લઈને ક્લેરિકલ સ્ટાફ મળીને કુલ ૭૦૩૧ કર્મચારીઓને બઢતી આપવામાં આવી છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા આ બાબતને ખૂબ જ સંવેદનાથી લઈ પોલીસ કર્મચારીઓની બઢતી માટે તમામ જરૂરી સંલગ્ન પ્રક્રિયાઓ સમયસર કરવા આદેશો આપવામાં આવ્યા છે. જેના પરિણામસ્વરૂપે ગુજરાત પોલીસ વિભાગમાં વર્ષ ૨૦૨૪માં કુલ ૬૭૭૦ પોલીસ કર્મચારી-અધિકારીઓને બઢતી મળી હતી અને આજે વધુ ૨૬૧ એ.એસ.આઈને બઢતી મળતાં તેમના પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયો છે. વર્ષ ૨૦૨૪માં ૩૪૧ પી.એસ.આઈને પી.આઈ, ૩૯૭ એ.એસ.આઈને પી.એસ.આઈ, ૨૪૪૫ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઈ અને ૩૩૫૬ પોલીસ કોન્સ્ટેબલને હેડ કોન્સ્ટેબલ તરીકે બઢતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, ૨૩૧ ક્લેરિકલ સ્ટાફને પણ બઢતીનો લાભ મળ્યો હતો. વર્ષ ૨૦૨૫માં આજે તા. ૦૩ એપ્રિલ ૨૦૨૫ના રોજ વધુ ૨૬૧ એ.એસ.આઈને પી.એસ.આઈ તરીકે બઢતી આપવામાં આવી છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના મજબૂત નેતૃત્વ હેઠળ પોલીસ કર્મચારીઓને પ્રોત્સાહિત કરવા માટે અનેક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

પોલીસ કર્મચારીઓને બઢતી આપવાનો ઉદ્દેશ્ય માત્ર તેમના વાજબી હકને સમ્માન કરવો જ નહીં, પરંતુ તેમના ઉત્સાહ અને કાર્યક્ષમતામાં વધારો કરવાનો પણ છે.

## ડિપ્લોમાથી ડિગ્રી ઇજનેરીમાં પ્રવેશ મેળવવા માટે 19 એપ્રિલના રોજ પરીક્ષા યોજાશે

અમદાવાદ, તા. 3ડિપ્લોમા ઈજનેરી પછી ડિગ્રી ઈજનેરીના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માટે તેમજ ડિપ્લોમા ફાર્મસી પછી ડિપ્લોમા ફાર્મસીના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માટે લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ઉપલબ્ધ બેઠકો પર ઓફલાઈન પ્રવેશ પરીક્ષા 19 એપ્રિલ 2025ને શનિવારના રોજ તમામ જિલ્લા સ્તરે યોજાશે. શૈક્ષણિક વર્ષ 2025-26 માટે ડિપ્લોમા ઈજનેરી પછી ડિગ્રી ઈજનેરીના બીજા વર્ષ (ત્રીજા સેમેસ્ટર) માટે રાજ્યની 16 સરકારી ઈજનેરી, ત્રણ સરકારી અનુદાનિત, અને 119 સ્વનિર્ભર સંસ્થાઓની અંદાજે, 42 હજાર ડિગ્રી ઈજનેરી બેઠકો માટે તેમજ ડિગ્રી ફાર્મસી માટેની ત્રણ સરકારી ઈજનેરી, ત્રણ સરકારી અનુદાનિત અને 98 સંસ્થાઓની અંદાજે 1400 જેટલી ડિગ્રી ફાર્મસી બેઠકોની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે. ડિપ્લોમાથી ડિગ્રી ઈજનેરી માટે 19 એપ્રિલ 2025 તે શનિવારના રોજ ઓફલાઈન પરીક્ષા લેવાશે. જ્યારે તેનું પરિણામ મે મહિનાના બીજા સપ્તાહમાં જાહેર કરવામાં આવશે. મે મહિનાના બીજા સપ્તાહથી ડિપ્લોમાથી ડિગ્રીના પ્રવેશ પ્રક્રિયા માટેનું રજીસ્ટ્રેશન કાર્યવાહી પણ શરૂ કરવામાં આવશે.

## માધવપુર ઘેડ મેળો પૂર્વોત્તર અને પશ્ચિમ ભારતની સંસ્કૃતિઓને એક કરે છે

**રામનવમીના** પવિત્ર દિવસથી શરૂ થતો આ પરંપરાગત મેળો પાંચ દિવસ સુધી ચાલે છે

ગાંધીનગર : માધવુપર એ ગુજરાતના ઐતિહાસિક શહેર પોરબંદરમાં આવેલું એક નાનકડું ગામ છે, જ્યાં માધવપુર મેળો આયોજિત કરવામાં આવે છે. આ પરંપરાગત મેળો દર વર્ષે રામનવમીના પવિત્ર દિવસે શરૂ થાય છે અને પાંચ દિવસ સુધી ચાલે છે. માધવપુર ઘેડ મેળો ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના લગ્નની ઉજવણી છે, અને એમ કહેવાય છે કે તેમના આ લગ્ન માધવપુર ગામમાં થયા હતા. આ મેળો ગુજરાત આવતા મુલાકાતીઓ માટે ગુજરાતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસા તેમજ રાજ્યની ધાર્મિક પરંપરાઓનો અનુભવ કરવાની ઉત્તમ તક છે. માધવપુર મેળાનો અરૂણાચલ પ્રદેશના મિશ્મી જનજાતિ સાથે રસપ્રદ સંબંધ છે. દંતકથા અનુસાર, મિશ્મી જનજાતિનો વંશ મહાન રાજા ભીષ્મક સાથે જોડાયેલો છે, જેઓ રૂક્ષ્મણીજીના પિતા અને ભગવાન શ્રીકૃષ્ણના સસરા હતા. આ ઉત્સવ રૂક્ષ્મણીજીના ભગવાન શ્રીકૃષ્ણ સાથેના વૈવાહિક સંબંધની યાદ અપાવે છે. અરૂણાચલ પ્રદેશના રૂક્ષ્મણીજી અને પશ્ચિમ ભારતના કાંઠે બિરાજમાન દ્વારકાના દ્વારિકાધીશ શ્રીકૃષ્ણ વચ્ચે થયેલા લગ્નની ઉજવણી કરતો માધવપુર મેળો પૂર્વોત્તર અને પશ્ચિમ ભારતની સંસ્કૃતિનો સંગમ કરે છે. આ મેળાની ઉજવણી દરમિયાન બંને પ્રદેશોના કલાકારો દ્વારા વિવિધ પ્રકારના સંગીત, નૃત્ય અને નાટ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. પૂર્વોત્તરના રાજ્યોના કલાકારો ઢોલ, પેપા અને વાંસળી જેવા વાદ્યો સાથે તેમનું પરંપરાગત સંગીત રજૂ કરે છે, જ્યારે પશ્ચિમી પ્રદેશ એવા ગુજરાતના કલાકારો ગરબા, દાંડિયા અને રાસ જેવા લોકનૃત્યોની રજૂઆત કરે છે. આ પાંચ દિવસીય મેળા દરમિયાન બંને પ્રદેશોની હસ્તકલા અને વાનગીઓનું પણ પ્રદર્શન યોજવામાં આવે છે, જે આ મેળાને બંને સંસ્કૃતિઓનું સાચું સંગમ સ્થાન બનાવે છે. આ મેળો ફક્ત ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના લગ્નની ઉજવણી જ નથી કરતો, પરંતુ ભારતના વિવિધ પ્રદેશોના લોકોમાં એકતા અને ભાઈચારાની ભાવનાને પણ પ્રોત્સાહન આપે છે.

માધવપુર સ્થિત માધવરાયજીનું મંદિર 15મી સદીમાં બાંધવામાં આવ્યું હતું, અને ભગવાન શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના લગ્નને લઈને તેનું ઐતિહાસિક મહત્વ છે. લોકકથા મુજબ, ભગવાન શ્રીકૃષ્ણ રૂક્ષ્મણીજીને લઈને માધવપુર ગામમાં આવ્યા હતા અને અહીંયા તેમની સાથે લગ્ન કર્યા હતા. આ ઘટનાની યાદમાં માધવરાયજીનું મંદિર બાંધવામાં આવ્યું છે. આ લગ્નની યાદમાં દર વર્ષે સાંસ્કૃતિક મેળા સ્વરૂપે માધવપુર ખાતે પાંચ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

શ્રીકૃષ્ણ અને રૂક્ષ્મણીજીના લગ્ન ઉપરાંત બીજી અનેક ઘટનાઓને સામેલ કરીને માધવપુર અને તેની આસપાસના ગામના લોકો પરંપરાગત રીતે ઉજવણી કરે છે. વિવિધ પ્રકારના ધાર્મિક કાર્યક્રમોમાં 'ફુલેકા યાત્રા'નો પણ સમાવેશ થાય છે, જે માધવરાયજી મંદિરથી બ્રહ્મકુંડ સુધી કાઢવામાં આવે છે. લગ્નની ઉજવણી બીજા દિવસથી શરૂ કરવામાં આવે છે, જે માધવરાયજી મંદિરથી થઈને લગ્નની ચૉરી સુધી થાય છે અને મોડી રાત સુધી તેની ઉજવણી ચાલે છે.

## વાવ નજીક નર્મદા કેનાલમાં કાર પડતા એક જ પરિવારના પાંચના મોત

**થરાદનો** કિયાલ પરિવાર ભેંસાણમાં માતાજીના દર્શન કરી પરત ફરી રહ્યો હતો

ગાંધીનગર : બનાસકાંઠાના વાવના દેવપુરા નજીક નર્મદા કેનાલમાં કાર ખાબકતા પાંચ વ્યક્તિનાં મોત થયા હતાં. આ બનાવ અંગે મળતી માહિતી મુજબ થરાદના કિયાલ ગામનો ગોસ્વામી પરિવારના ભેસાણ ગામે માતાજીના દર્શન કરી પરત આવી રહ્યો હતો, ત્યારે દેવપુરા નજીકની કેનાલમાં કાર કેનાલમાં ઉતરી જતા અકસ્માત થયો હતો.

જેમાં એક જ પરિવારના પાંચ લોકો નવીન જીવાપુરી ગોસ્વામી, હેતલ નવીનપુરી ગોસ્વામી, કાવ્યા ગોસ્વામી ઉં.વ.6, મીનલ ગોસ્વામી ઉં.વ. 3 અને પિયુષ ગોસ્વામી ઉં.વ.2નું મૃત્યુ થયું હતું. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ ગઈ હતી.

### પાંચ મૃતદેહ બહાર કાઢ્યા

પ્રાપ્ત વિગતો અનુસાર બનાસકાંઠા જિલ્લાનાં વાવ તાલુકાના દેવપુરા ગામ નજીક બુધવારે સાંજે નર્મદાની મુખ્ય કેનાલમાં કાર ખાબકી હતી. આ અકસ્માતમાં કિયાલ ગામનાં યુવક અને તેની ત્રણ દીકરીઓનું ડુબી જવાથી મોત નીપજ્યું હતું. જો કે યુવકની પત્ની પાણીમાં ડૂબી જતાં ફાયર વિભાગની ટીમ સહિત અધિકારીઓએ તેમની શોધખોળ હાથ ધરી હતી. અંતે ફાયર વિભાગની ટીમને પાંચ મૃતદેહ બહાર કાઢ્યા હતા.

### દેવપુરા કેનાલમાં કાર ખાબકી

થરાદના કિયાલ ગામના યુવક, તેની પત્ની અને ત્રણ દીકરીઓ સાથે બુધવારે કાર લઈને દિયોદર નજીક ગોગા મહારાજના દર્શન માટે ગયા હતા અને ત્યાંથી તેઓ ઘરે પરત ફરી રહ્યા હતા તે દરમિયાન દેવપુરા નજીક કાર કેનાલમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં ગૌસ્વામી નવીનભાઇ જીવાપુરી, ગૌસ્વામી હેતલબેન નવીનપુરી તેમજ તેમની ત્રણ દીકરીઓ ગૌસ્વામી કાવ્યાબેન, ગૌસ્વામી મીનલબેન, ગૌસ્વામી પિયુબેનનું મૃત્યુ નીપજ્યું હતું.

### સુડોકુ ૬૯૮૩ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | | ૮ | ૧ | | | ૩ | ૭ |
| ૩ | ૫ | ૪ | ૨ | ૭ | ૬ | ૧ | | |
| ૧ | ૭ | | ૩ | ૯ | ૫ | | ૨ | |
| | | ૯ | | ૫ | ૩ | ૨ | | |
| | | | | | | | | ૫ |
| | ૩ | | | | ૮ | | ૪ | |
| | ૮ | ૧ | | ૩ | ૭ | | ૯ | |
| ૪ | ૯ | | | ૮ | ૨ | ૭ | | |
| | ૨ | ૩ | ૧ | | | | | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**પેશાબ અટકવો**

એને મૂત્રાવરોધ કહે છે. તુરંત ઉપચાર જરૂરી છે. શિલાજિત, ગોખરું, હરડે, કાકડીના બીજ, સૂરોખાર માથી જે ઉપલબ્ધ હોય તે યોગ્ય માત્રામાં, વૈદ્યરાજની સલાહ મુજબ આપો.

## વરાછામાં આર્થિક સંકડામણને કારણે યુવકે આપઘાત કર્યો

સુરત : મૂળ ભાવનગર સિહોરના વતની અને હાલમાં વરાછા વિસ્તારમાં આવેલી અનુરાધા સોસાયટીમાં રહેતા 27 વર્ષીય પાર્થ વિનોદ મિશ્રા એમ્બ્રોઇડરીમાં ડિઝાઇન બનાવવાનું શીખતો હતો. બુધવારે બપોરે પાર્થે ઘરે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. પાર્થે આપઘાતનું અંતિમ પગલું આર્થિક સંકડામણને કારણે ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

## રાજુલાના ડુંગર અને ચલાલામાં અસામાજિક તત્વોની વીજમીટર કપાયા

**કાદર** જમાલભાઇ ઝાખરા અને ઇકબાલ જુસબભાઇ ગાહાને ત્યાં પોલીસની કાર્યવાહી

રાજકોટ : અમરેલી જિલ્લામા પોલીસ દ્વારા અસામાજીક તત્વોની યાદી તૈયાર કરી તેમની સામે કાર્યવાહી હાથ ધરવામા આવી છે. ત્યારે આજરોજ રાજુલા તાલુકાના ડુંગર અને ચલાલામા ત્રણ અસામાજીક તત્વોના ગેરકાયદે વિજ જોડાણ કાપી નાખી કાર્યવાહી હાથ ધરાઇ હતી. રાજ્યમા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય અને લોકોમા સુરક્ષા અને સલામતી અનુભવાય તે હેતુથી અમરેલી જિલ્લામા પણ પોલીસ દ્વારા 113 અસામાજીક તત્વોની યાદી તૈયાર કરવામા આવી હતી અને આવા તત્વોએ કરેલા ગેરકાયદે દબાણો તેમજ વિજ જોડાણ દુર કરવાની કાર્યવાહી હાથ ધરાઇ હતી. આજરોજ ડુંગર પોલીસ મથકના પીઆઇ વી.એસ.પલાસ તથા ટીમ અને પીજીવીસીએલની ટીમ દ્વારા કાદર જમાલભાઇ ઝાખરા અને ઇકબાલ જુસબભાઇ ગાહા નામના શખ્સોના મકાનમા તપાસ હાથ ધરાઇ હતી અહી બંને શખ્સોએ ગેરકાયદે વિજ જોડાણ લીધા હોય વિજ મીટર ઉતારી લેવામા આવ્યા હતા.

### શબ્દગુંફન - ૬૯૩૪

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. નિશાન ઉપર બાણ તાકવું તે (૫)
૫. જુસ્સો, બળ (૨)
૭. દુ:ખ (૩)
૯. ચાલવું, જવું તે (૩)
૧૧.મકાન, ગૃહ (૨)
૧૨. સરખું (૩)
૧૩. ગામની હદ (૩)
૧૫. હિંમત (૨)
૧૬. ભાળ, સમાચાર (૩)
૧૭. કિંમત, મૂલ્ય (૨)
૧૮. અવસ્થા (૨)
૧૯. સોનું (૨)
૨૦. અણસમજુ, મૂર્ખ (૩)
૨૨. પાણીનો કુંડ(૨)
૨૩. બાણ (૨)
૨૪. ડર વિનાનું (૩)
૨૫. મીઠું (૨)
૨૬. મૂળ ગામ કે દેશ (૩)
૨૮. જીવ વિનાનું (૨)
૨૯. ચોકીદાર (૪)
૩૧. કેફ, ખુમારી (૨)
૩૨. એક જાતનું ભૂત (૨)
૩૩. એક સંત (૩)

**ઊભીચાવી**

૨. પ્રથા, રિવાજ (૩)
૩. કોર, કિનાર (૨)
૪. રાત્રી (૨)
૬. ચિંતન કરવાના સ્વભાવવાળું (૫)
૭. ભાઈ (૨)
૮. સોગન (૩)
૯. શોક (૨)
૧૦.ભાગ્ય (૩)
૧૧. પાણી ભરવાનું પાત્ર (૨)
૧૪. રસ્તો (૩)
૧૫. પરાજય (૨)
૧૬. સધ્ધર, ખમતું (૫)
૧૭. બારણું, દરવાજો (૨)
૧૮. તરત જવાબ આપી શકે તેવું (૬)
૨૧. પવન (૩)
૨૨. શરત (૨)
૨૫. સહાય (૩)
૨૬. જંગલ (૨)
૨૭. પ્રણામ (૩)
૩૦. પવન (૨)

## હથોડાની ફેક્ટરીમાં સગીરા પર ગેંગરેપ કરી સળગાવી દેનાર ઝડપાયો

**ઉત્તરપ્રદેશ** પોલીસે સરથાણા પોલીસ સાથે મળીને ઓપરેશન પાર પાડ્યું

સુરતઃ ઉત્તરપ્રદેશ પોલીસે શહેરની સરથાણા પોલીસ સાથે ઓપરેશન પાર પાડી એક ચકચારી સામુહિક દુષ્કર્મ અને મર્ડર કેસના એક આરોપીને ઝડપી લીધા છે. 2 ફેબ્રુઆરી 2023માં ઉત્તરપ્રદેશના સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં 16 વર્ષની સગીરાના અપહરણ બાદ ગેંગરેપ અને હત્યાનો ગુનો નોંધાયો હતો. જે તે દિવસે એલ્યુમિનિયમ ફેક્ટરીમાં કામ કરતો મહાવીર નિષાદ સગીરાનું ઉત્તર પ્રદેશથી અપહરણ કરીને સુરતના હથોડા ગામ ખાતે આવેલી એલ્યુમિનિયમ ફેક્ટરીમાં લાવ્યો હતો. જ્યા સગીરા પર એલ્યુમિનિયમ ફેક્ટરીના માલિક નિક્ષિત મુકેશભાઈ ઘરસાડિયા અને કારીગર મહાવીરે ગેંગરેપ કર્યો હતો. જો કે ગેંગરેપ બાદ સગીરા આ અંગે અન્યને જાણ કરી દેશે તેવો ડર લાગતા પેટ્રોલ છાંટીને સળગાવી દીધી હતી. જેથી સગીરાને ગંભીર હાલતમાં સુરતની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી .ત્યારબાદ પોલીસ દ્વારા તેના પરિવારનો સંપર્ક કરવામાં આવતા પરિવારજનો સુરત આવ્યા હતા અને સગીરાને લઈને વતન યુપી લઇ ગયા હતા.જ્યા બે દિવસની સારવાર બાદ દમ તોડી દીધો હતો. ઉત્તર પ્રદેશના પોલીસ સ્ટેશનમાં અપહરણ બાદ સામૂહિક દુષ્કર્મ અને હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો.ઉત્તર પ્રદેશ પોલીસ બે વર્ષથી બંને આરોપીઓની શોધખોળ કરી રહી હતી. આ દરમિયાન ઉત્તર પ્રદેશ પોલીસને બે આરોપી પૈકી નિક્ષિતનું લોકેશન સુરતના સરથાણા વિસ્તાર હોવાનું જાણવા મળ્યું હતું.જેથી ઉત્તર પ્રદેશ પોલીસની એક ટીમ સુરત ખાતે આવી અને સરથાણા પોલીસ સાથે મળી આરોપી નિક્ષિત મુકેશભાઈ ઘરસાડિયાની પાનના ગલ્લા પરથી ધરપકડ કરી હતી.

### યુપી પોલીસને આરોપી સરથાણામાં હોવાનું લોકેશન મળ્યું હતું

16 વર્ષની સગીરાના અપહરણ બાદ ગેંગરેપ અને હત્યાનો ગુનો ઉત્તરપ્રદેશના સુલતાનપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. જેમાં બે પૈકી એક આરોપીનું લોકેશન સુરતના સરથાણા વિસ્તારમાં હોવાનું ઉત્તર પ્રદેશ પોલીસ મળ્યું હતું. જેથી યુપી પોલીસ દ્વારા આ અંગે સરથાણા પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જેથી સરથાણા પોલીસના મહિલા પીઆઇ એમ.બી ઝાલાએ 10 પોલીસકર્મીઓની ટીમ બનાવી ત્યારબાદ આરોપી વ્રજ ચોક પાસે આવેલા એક પાનના ગલ્લા પર રોજ બરોજ સિગરેટ પીવા આવતો હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે સરથાણા પોલીસે વોચ ગોઠવીને નિક્ષિત મુકેશભાઇ ઘરસાડિયાની ધરપકડ કરી હતી.

## આઈટીનો અભ્યાસ પૂર્ણ કરનાર ભાવનગરના યુવકનો આપઘાત

સુરત : સરથાણામાં રહેતા યુવકે અનાજમાં નાખવાનો પાવડર પી આપઘાત કરી લીધો હતો.યુવકે હાલમાં જ આઈ.ટી નો અભ્યાસ પૂર્ણ કરી કોઈક જગ્યાએ પ્રેક્ટિસ કરવા માટે જતો હતો. યુવકે આર્થિક સંકડામણના કારણે આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે.

સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ ભાવનગર મહુવાના વતની અને હાલમાં સરથાણા યોગી ચોક ખાતે આવેલ પ્રમુખ છાયા સોસાયટીમાં રહેતા 22 વર્ષીય પ્રિન્સ નટવર કુંભણીએ હાલમાં જ આઈ ટી નો અભ્યાસ પૂર્ણ કરી કોઈક જગ્યાએ પ્રેક્ટીસ કરવા માટે જતો હતો. પ્રિન્સે બુધવારે બપોરે ઘરે અનાજમાં નાખવાનો પાવડર પી આપઘાત કરી લીધો હતો. હાલતો પ્રિન્સે આર્થિક સંકડામણને કારણે આપઘાતનું અંતિમ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. આ અંગે વધુ તપાસ સરથાણા પોલીસ કરી રહી છે.

### આજનું પંચાંગ

**તા. 4/04/2025, શુક્રવાર**

**વિક્રમ સંવત :** 2081 **શાકે :** 1947
**વીર સંવત :** 2551 **માસ :** ચૈત્ર
**તિથિઃ** સુદ: સાતમ 20.13
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર :14
**યોગ :** શોભન
**નક્ષત્ર :** આદ્રા 29.21 **કરણ :** ગર
**રાશિઃ** મિથુન (ક.છ.ઘ.)
**દિવસ :** સામાન્ય, વાસંતી દુર્ગાપૂજા પ્રારંભ, બંગાળ
**સુરતમાં સૂર્યોદય :** 06:31 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:53
**નવકારસી :** 07:19
**પારસી વર્ષ :** 1394, આવાં માસનો 23 મો રોજ
**મુસલમાન વર્ષ :** 1446, શવ્વાલ માસનો 5મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ
**રાહુ કાળ :** સવારે 10:30 થી 12:00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** ઇન્ટરવ્યુ, પરીક્ષા કે કોઇ હરીફાઇમાં સફળતા મળે. નોકરીમાં પદપ્રાપ્તિ થાય. બાળકોને મદદરૂપ થશો.

**વૃષભ (બ,વ,ઉ,):** આર્થિક પ્રગતિ થાય. પણ ઉતાવળિયા રોકાણ કે કોઇની વાતોમાં રોકાણ કરવું ભારે પડે. ધીરજ રાખવી.

**મિથુન (ક,છ,ઘ,):** વિઘ્નો વગર કામ થવાની શક્યતા છે. માટે પ્લાનિંગથી આગળ વધવું. મહત્ત્વના કામમાં ભાગ લેવાનું બને.

**કર્ક (ડ,હ,):** ગુસ્સા પર કાબૂ રાખવો. સરકારી કામમાં ધીરજ રાખવી. વિદેશના કામમાં સાવધાની રાખવી.

**સિંહ (મ,ટ,):** જૂના કરેલા રોકાણ અને કામનો લાભ મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી. વિદ્યાર્થીઓને મદદ મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** કામની કદર સ્વરૂપે માન-પદ અને નવી જવાબદારી મળે. ધંધામાં નવા સોદાથી લાભ થાય.

**તુલા (ર,ત,):** વિદેશ સાથેના કામ કે વેપાર વગેરેમાં મદદ મળે. અચાનક પ્રવાસ થાય. ધાર્મિક પ્રવૃત્તિથી શાંતિ મળે.

**વૃશ્ચિક (ન,ય,):** પરિવાર સાથે ઘર્ષણ થઇ શકે છે તેમજ હિતશત્રુઓ પરેશાની વધારે. શુભ સમાચાર મળે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** ઘર, કુટુંબમાં આનંદમય પ્રસંગની જવાબદારી નિભાવવી પડે. વડીલો સાથે ઘર્ષણ ટાળવું.

**મકર (ખ,જ,):** સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. હરીફોની પીછેહઠ થાય. અચાનક નવી તક મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** કોઇ બાબતમાં દેખાડો કરવો નહીં. ખાસ કરીને પ્રેમમાં. વિદ્યાર્થીઓને તક મળે. નવી બચત થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** નોકરીમાં અસંતોષ વધે. ધંધામાં નવી યોજના બને. અચાનક નવા સોદાથી ઉત્સાહ વધે.

### કોઇ પણ સાલમાં 4 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં નવી તક અને જવાબદારી સાથે પગારવધારાનો લાભ મળે. નવી સરકારી નીતિ, યોજના દોડધામ વધારે. ધંધા વ્યવસાયમાં અનુકૂળતા રહે. વિદ્યાર્થીઓને નવી શિક્ષણ નીતિનો લાભ મળે. નવી ટેકનોલોજીથી રાહત થાય. નોકરી ધંધા, વ્યવસાયમાં હરીફોની હેરાનગતિ રહે. છતાં આર્થિક પ્રગતિ અને ઉઘરાણી આવવાથી બચત યોજના બને. સમાજમાં સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશના કામમાં મદદ મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન બાબતે શરૂઆતમાં સફળતા મળે. સંતાનોનાં કામ થાય. મિત્રો, વડીલો, વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં મદદરૂપ બને. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઇમાં નોકરીમાં અનુકૂળતા વધે. નવેમ્બર-ડિસેમ્બરમાં અચાનક આરોગ્યના ખર્ચા વધશે.